NHS in Greater Manchester

Greater Manchester Cancer

# તમારું ફિટ કેવી રીતે પૂર્ણ કરવું

## (ફેકલ ઇમ્યુનોકેમિકલ ટેસ્ટ)

તમારા લક્ષણોનું કારણ શોધવામાં મદદ કરવા માટે તમને આ ટેસ્ટ કિટ આપવામાં આવી છે.
**ફિટ** એક એવું પરીક્ષણ છે **જે** તમારા મળના **નમૂનામાં** રક્ત શોધે છે.
તે તમે કદાચ જોઇ ન શકો એવા રક્તના નાના **અંશો** શોધે છે.

1



**તૈયાર રહો** – તમે ટોઇલેટ પર બેસો તેના પહેલા તમારા મળને લેવા માટે તમને જરૂર પડશે એવી ચીજવસ્તુઓ એકત્રિત કરો.

2



લેબલ પર તમારું નામ, જન્મ તારીખ અને તમે જે તારીખે મળ એકત્રિત કરો તે લખો. કાળી અથવા વાદળી પેનનો ઉપયોગ કરો. જો તમારી વિગતો પહેલાથી જ લેબલ પર લખેલી હોય તો કૃપા કરીને તે સાચી છે કે નહીં તે તપાસો.

3



તમારો મળ એકત્રિત કરો –અમે માહિતી પત્રિકાની વિરુદ્ધ બાજુ પર આ કેવી રીતે કરવું તેના માટેના કેટલાક સૂચનો આપ્યા છે. તમારા મળને પાણી કે ટોઇલેટને સ્પર્શવા દેશો નહીં.

4



સેમ્પલ બોટલને ખોલવા માટે કેપને ટ્વીસ્ટ કરો. જ્યાં સુધી ખાંચા ઢંકાઇ ન જાય ત્યાં સુધી સ્ટિકને મળ પર ઘસો. તમારે પરીક્ષણ કરવા માટે માત્ર થોડા મળની જરૂર છે. કૃપા કરીને વધારાનું ઉમેરશો નહીં.

5



સ્ટિકને બોટલમાં પાછી મૂકો અને તેને બંધ કરવા માટે કેપને ક્લિક કરો. વપરાશ કર્યા પછી બોટલને પાછી ખોલશો નહીં. કૃપા કરીને તમારા હાથ ધુઓ.

6



તમારા ડોક્ટરે તમને જણાવ્યું હશે કે તમારે પૂર્ણ કરેલી કિટ તેમની પાસે લઈ જવાની છે કે લેબમાં પોસ્ટ કરવાની છે.

***નોંધ::*** *તમે જ્યાં રહો છો તેને આધારે ફિટની કિટ અહીં દર્શાવવામાં આવેલા ચિત્ર કરતા અલગ દેખાઇ શકે છે.*

# મળ એકત્રિત કરવા માટેની ટિપ્સ

તમારા મળને સરળતાથી એકત્રિત કરવા માટે અહીં કેટલાક સૂચનો
આપવામાં આવ્યા છે. તો આના માટે અભ્યાસ કેમ ન કરો અને નક્કી
કરો કે તમને કઈ રીત સરળ લાગે છે?
તમારા મળને પાણી કે ટોઇલેટને સ્પર્શવા દેશો નહીં.

1



ટોઇલેટ પર ફિલ્મ ચોંટાડો
(ઊંડા ભાગને છોડવાનું યાદ રાખો)

2



દ્રાક્ષ આવતી હોય એવું કાર્ટન

3



તમારા હાથ પર વાળેલું
ટોઇલેટ પેપર

4




સ્વચ્છ ખાલી માર્જરિન
કે આઇસક્રીમ કપ

5



સ્વચ્છ ખાલી ટેકઅવે કન્ટેઇનર

6



તમારા હાથ પર પ્લાસ્ટિક
બેગ કે હાથનાં મોજાં

7 એક વખત તમે તમારો મળ એકત્રિત કરી લો ત્યાર પછી તમારી ટેસ્ટ

**કિટનો ઉપયોગ કરો અને શક્ય બને તેટલી વહેલી તકે નમૂનાને પરત કરો.**